ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



ગુંજન વોરા
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૭૯૦ ૨૯૫૧૧



માધારામ એલ ચૌધરી
નિવૃત્ત એએસઆઈ
મો. ૯૬૮૦૭ ૦૨૭૧૪



પ્રતાપસિંહ રાયસિંહ પરમાર
મો. ૯૮૭૯૦ ૩૦૯૬૪



ભાર્ગવ એમ પ્રજાપતિ
મો. ૯૭૨૫૬ ૭૫૯૬૬



સ્વરા જિજ્ઞેશ રાવલ
મો. ૯૮૯૮૭ ૮૭૫૨૦



જેનિશ મોદી
મો. ૯૧૭૩૩ ૦૧૫૮૮

### કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા

# સર્વ નેતૃત્વ કાર્યક્રમ યોજાયો





## ૧૫ કોલેજોના કુલ ૬૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો

કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા આયોજીત ૧૮મો સર્વ નેતૃત્વ કાર્યક્રમ (લીડરશીપ ટ્રેઈનીંગ પ્રોગ્રામ) તા. ૧૭ થી ૨૧ નવેમ્બર, ૨૦૧૬ દરમિયાન સર્વ વિદ્યાલય કેમ્પસ, કડી ખાતે યોજાઈ ગયો, જેમા ગાંધીનગર અને કડી કેમ્પસ સ્થિત જુદી જુદી ૧૫ કોલેજોના કુલ ૬૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

'સર્વ નેતૃત્વ' કાર્યક્રમનો મુખ્ય હેતુ યુવા વિદ્યાર્થીઓમાં નેતૃત્વ સંચાલન, રાષ્ટ્રીયતા અને વ્યક્તિ પ્રતિભાના ગુણો વિકસે સાથે સાથે દેશના જવાબદાર નાગરિક તરીકેની જવાબદારીથી વાકેફ થાય તે હેતુસર આયોજન કરવામાં આવે છે. સમગ્ર કાર્યક્રમમાં નિષ્ણાત ટ્રેઈનર સુરેશ પટેલ દ્વારા રચનાત્મક રીતે યુવા વિદ્યાર્થીઓને અલગ અલગ પ્રવૃત્તિ જેવી કે યોગાસન, વ્યાખ્યાન, ફિલ્મ, પ્રેઝન્ટેશન, જુથ સંવાદ, ટેલેન્ટ ઈવનીંગ અને વિવિધ રમતો થકી ટાઈમ મેનેજમેન્ટ, લીડરશીપ, ઈવેન્ટ મેનેજમેન્ટ અને ટીમ વર્કિંગની ક્ષમતાને બહાર લાવવા પ્રયત્ન કરાયો હતો. શિબિર દરમિયાન ગેસ્ટ સ્પીકર તરીકે ઉડાન ફાઉન્ડેશનનાં શ્રીમતી નિષ્ઠાબેન ઠાકર અને સંજયભાઈ ભાવસાર ( વિશ્વગ્રામ ) દ્વારા પોતાના જીવન પ્રસંગો વર્ણવ્યા હતા અને વિદ્યાર્થીઓને નાની નાની સમાજસેવી પ્રવૃત્તિ થકી રાષ્ટ્રનિર્માણમાં સહભાગી થવા આહવાન કર્યું હતું. પાંચ દિવસીય નિવાસી શિબીરના છેલ્લા દિવસે બધા વિદ્યાર્થીઓને ગાંધી આશ્રમ, સફાઈ વિધ્યાલય અને માનવ સાધના કેન્દ્રની મુલાકાતે લઈ ગયા હતા અને જરૂરતમંદ વ્યક્તિઓ માટે ચાલતી વિવિધ પ્રવૃતિની વિસ્તૃત માહિતી આપી હતી અને તેમની સાથે મુલાકાત કરાવી હતી. નિવાસી શિબિરના અંતે સમાપન સમારંભમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયના ચેરમેન શ્રી. વલ્લભભાઈ પટેલ સાહેબ ઉપસ્થિત રહી પ્રાસંગિક ઉદબોધન કરતા સંસ્થાની વિસ્તૃત માહિતી આપી હતી અને પૂ. છગનભા ઉદાહરણ દ્વારા વિદ્યાર્થીઓ સમાજ પ્રત્યેની પોતાની જવાબદારી સમજે એવી આશા વ્યક્ત કરી હતી. સાથે સાથે કડી એમબીએ કોલેજના ડાયરેક્ટર ડો. ભાવિન પંડ્યા અને કડી કોમર્સ કોલેજના આચાર્ય ડો. કપિલ ત્રિવેદી પણ તાલીમાર્થીઓનો ઉસ્તાહ વધારવા ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર શિબિરનું સંચાલન અને આયોજન સર્વ નેતૃત્વ કાર્યક્રમના કો-ઓર્ડીનેટર ડો. ધર્મેન્દ્રભાઈ પટેલ, અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ અને સહાયક તરીકે પ્રા. ડો. રૂચિર પટેલ અને પ્રા. પ્રેમલ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા વિદ્યાર્થીઓને ગરમ વસ્ત્રોની ભેટ



શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા મોડાસા તાલુકાની સુનોક ટાંડા નિશાળમાં ૬૫ વિદ્યાર્થીઓને ગરમ વસ્ત્રો ભેટ આપવામાં આવ્યાં હતાં. નિશાળના શિક્ષકોએ આ કાર્યમાં સક્રિય સહયોગ આપ્યો હતો. સંસ્થા વતી આ સેવાકાર્યમાં મિલિન્દભાઈ, મોન્ટુ, નવનીતભાઈ જોડાયા હતા.

## દીકરીના જન્મદિવસની નોખી ઉજવણી



ગાંધીનગર મહાનગરપાલિકાનાં નગરસેવક હર્ષાબા ધાંધલ અને સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા ટ્રસ્ટના અગ્રણી જીલુભા ધાંધલની દીકરી બુલબુલે પોતાનો જન્મદિવસ સતત બીજા વર્ષે સ્મશાનમાં ઉજવ્યો અને જરૂરિયાતમંદ બાળકોને નાસ્તો ભેટ ધર્યો એ સમાચાર ગાંધીનગર સમાચારના વાચકો જાણે છે. બુલબુલનાં માતુશ્રી હર્ષાબાએ પણ દીકરીના જન્મદિવસની ઉજવણી પોતાના સેવાના અંદાજમાં કરી હતી. ચરેડી છાપરામાં કાર્યરત આંગણવાડીનાં બાળકોને તેમણે રમકડાં ભેટ આપ્યાં હતાં અને આ બાળકો સાથે રમતો રમીને યાદગાર સમય પણ પસાર કર્યો હતો. બાળકો મનગમતાં રમકડાં મેળવીને ખુશખુશાલ થઈ ગયાં હતાં.

## ડાયરેક્ટ ❤ સે

સમય પણ શીખવે છે
ને ગુરુ પણ શીખવે છે
બંનેમાં ફરક એટલો છે
ગુરુ શીખવીને પરીક્ષા લે છે
સમય પરીક્ષા લઈને શીખવે છે

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
ડિયર જિંદગી
૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
ડિયર જિંદગી
૧.૪૫, ૪.૩૦, ૯.૩૦
ફેન્ટાસ્ટિક બિસ્ટ્સ (અંગ્રેજી, ૩ડી)
૭.૧૫


**સ્ક્રીન-૫**
ડિયર જિંદગી
સવારે ૧૦.૦૦
ફોર્સ-૨
૩.૪૫, ૯.૪૫
સાનસેઈન : ધ લાસ્ટ બ્રિથ
૧૨.૪૫, ૬.૪૫

## આર જી પટેલ કન્યા શાળાની વિદ્યાર્થીનીઓ ટ્રેકિંગમાં જોડાઈ

ગાંધીનગર, તા. ૨૫

શ્રીમતી આર જી પટેલ કન્યા શાળાની ૨૬ વિદ્યાર્થીનીઓ તથા બે શિક્ષકોએ માઉન્ટ આબુ ખાતે આયોજિત ટ્રેકિંગ કેમ્પમાં ભાગ લીધો હતો, જે અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે રોક ક્લાઈમ્બિંગ, રેપલિંગ, એડવેન્ચર એક્ટીવિટીઝ તથા શોર્ટ ટ્રેકમાં સફળતાપૂર્વક ભાગ લીધો હતો. આવી સાહસિક પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસમાં વધારો થયો હોવાનો એકરાર તેમણે કર્યો હતો.

# પ્રેમ તો આકાશ છે, જેમાં બધું જ સમાઈ શકે




લગ્નસંબંધ હોય ત્યાં એક શબ્દ આપોઆપ ચાલ્યો આવે છે : માલિકીભાવ. વાતે-વાતે કોઈ પરિણીત સ્ત્રી સૌ મિત્રો વચ્ચે એક વાક્ય કહી દેતી હોય છે : 'મારો પતિ બહુ પઝેસિવ છે.' આ વાતે પત્ની પણ જુદી નથી હોતી. એ ઈચ્છે છે કે પોતાનો પતિ કેવળ પોતાનો જ હોય એ રીતે જીવે. આવો માલિકીભાવ પરિશુદ્ધ પ્રેમતત્ત્વની શોધમાં સૌથી મોટી રુકાવટ ઊભી કરતો હોય છે. જ્યાં માલિકીભાવ હોય ત્યાં દાબદબાણ, ભય, વહેમ, જાસૂસી કે ષડયંત્ર હોઈ શકે, પરિશુદ્ધ પ્રેમતત્ત્વ ન હોઈ શકે. પ્રેમતત્ત્વ પાંગરે તે માટે સહજનો કિનારો જોઈએ. સહજનો કિનારો માનવજાતને યમુના કિનારે પ્રાપ્ત થયો અને એ કિનારે ગણતરી, સ્વાર્થ, દાબદબાણ, રિવાજ લેવડદેવડ, નિંદાકૂથલી અને સ્થૂળ કામવાસનાથી પર એવા સહજ પ્રેમસંબંધનું વૃંદાવન રચાયું. ગોકુળ એક એવું ગામ હતું જ્યાં પુરુષતત્ત્વ અને સ્ત્રીતત્ત્વ વચ્ચેનું સામીપ્ય, સાયુજ્ય, સારૂપ્ય અને સાષ્ટ્ર્ય સર્જાયું હતું.

●

ખરી વાત એ છે કે આપણી આખી દુનિયા સ્વભાવે ઊર્મિપ્રધાન છે અને તેથી અશ્રુપ્રધાન પણ છે. મનુષ્ય કશુંક શોધી રહ્યો છે. એ શોધ નિરંતર છે. એની મૂળભૂત ઝંખના સત્ય, અહિંસા, કરુણા નથી. એ ત્રણે બાબતો માનવીના કલ્યાણ માટે ખૂબ મહત્ત્વની હોવા છતાંય માનવીય ઝંખના તો પ્રેમની જ છે.

●

આપણો ધર્મ ઘોંઘાટમૂલક છે. આપણી લેવડદેવડને આપણે માર્કેટિંગની દીક્ષા આપી છે. આપણી વ્યાજપ્રાપ્તિ એટલી તો વધી ગઈ છે કે જીવનમાં કશુંક નિર્વ્યાજ પણ હોઈ શકે તેવી અનુભૂતિ અલોપ થવા માંડે એવી સ્વાર્થપરાયણ જીવનશૈલી નોર્મલ થતી જાય છે.

●

ચીનના વિચારક કન્ફ્યુશિયસે સમાજની સ્વસ્થતા માટે સંગીતનો મહિમા કરીને કહેલું કે સમાજની કક્ષા કઈ તે જાણવું હોય તો લોકોમાં કેવું સંગીત પ્રચલિત છે તે જાણવું રહ્યું !

●

ગોકુળ માનવ ઈતિહાસનું એવું વિશ્વગ્રામ હતું જ્યાં મલિનતા ટકી જ ન શકે.

●

જેઓ પોતાના પ્રિય કૂવાને મહાસાગરમાં ખપાવવા માગે છે તેઓ સ્વભાવે જડ, સંકુચિત અને વળી ક્રૂર હોય છે.

●

જોખમ એક સુંદર ઘટના છે. એ સુંદર છે કારણ કે એવી ક્ષણે પુરુષાર્થ અને પ્રારબ્ધ સાથોસાથ વસે છે.

●

મહાન ક્ષણો દરમિયાન ઈતિહાસ કેવળ એવા જ માણસોને સત્તાની ટોચ પર બેસાડે છે, જેઓ બનાવોને દિશા પૂરી પાડે.

●

કબીરા કબીરા ક્યું કરો
જાઓ જમુના કે તીર,
એક ગોપી કે પ્યાર મેં
બહ ગયે લાખ કબીર !

●

પ્રેમ દ્રવ્ય નથી કે એમાં વધઘટ થઈ શકે. પ્રેમ પ્રવાહી નથી કે એની સપાટી ઊંચીનીચી થઈ શકે. પ્રેમ તો આકાશ છે, જેમાં બધું જ સમાઈ શકે.

●

વિશ્વમાં પ્રેમનો પ્રભાવ ખૂટી પડે ત્યારે ક્રૂરતાનું જોર વધી પડે છે. મોરપીંછ અને મશીનગન સામસામે આવી જાય છે. જ્યારે જ્યારે કોમળતા, કરુણા અને મધુરતા હારે ત્યારે ક્રૂરતાનું ચડી વાગે છે. સંત વેલેન્ટાઈનને સામે છેડે ઓસામા બિન લાદેન ઊભો રહી જાય છે.

●

આજનો યુવાન કોઈ નશાની શોધમાં છે. આજનું ઈન્ટરનેશનલ યુથ કલ્ચર ક્યાંક ખોવાઈ જવા ઝંખે છે. એ પૂર ઝડપે મોટરબાઈક એવી મારી મૂકે છે જાણે મરવાની ઉતાવળમાં ન હોય ! બધી ફીકરની ફાકી મારીને એ જેને પ્રેમ કરે છે તેને અતિ તીવ્રતાથી પ્રેમ કરવાની ઉતાવળમાં છે. શિસ્ત પ્રત્યે એને થોડીક સૂગ હોય છે. સપૂચો સુખવાદ એને ખેંચે છે. ગતિ, ઘોંઘાટ અને ઘેનના આશક એવા એ યુવાનને હશિશ, કોકોઈન, એલએસડી અને નિડલ જેવાં ડ્રગ દ્વારા મળતી બેભાનતા ખેંચે છે. કરવું શું ? આવી વિચિત્ર પરિસ્થિતિમાં એને કૃષ્ણ નામનો નશો જ બચાવી શકે તેમ છે. કૃષ્ણ તૃપ્તિદાયક પણ છે અને મુક્તિદાયક પણ છે.

- ગુણવંત શાહ લિખિત પુસ્તક 'કૃષણલીલા મધુર મધુર'માંથી સાભાર.

પ્રકાશક અને વિક્રેતા : આર. આર. શેઠની કંપની પ્રા. લિ.
કિંમત : રૂા. ૯૫-૦૦
(પુસ્તક સાથે ગુણવંત શાહનાં ૬૦ પ્રવચનોની સીડી પણ સમાવિષ્ટ છે. સીડી સૌજન્ય : વિવેક શાહ)

## એસ. જી. પ્રાથમિક શાળામાં પ્રતિભા શોધ સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા. ૨૫

એસ.જી.અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા માં તા ૨૫-૧૧-૨૦૧૬ ને શુક્રવારના રોજ ધોરણ-૧થી ૪ના વિદ્યાર્થીઓ માટે પ્રતિભા શોધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બાળકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિ જાગૃત થાય તે હેતુથી આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધા દ્વારા બાળકોમાં રહેલાં ડાન્સ, સ્ટંટ, ગીત, અભિનય વગેરે જેવાં વિવિધ કૌશલ્યો પ્રદર્શિત કરવામાં આવ્યાં હતાં. આ સ્પર્ધામાં નિર્ણાયક દ્વારા દરેક ધોરણમાંથી ત્રણ વિદ્યાર્થીઓને વિજેતા ઘોષિત કરવામાં આવ્યા હતા.

## વાચકોને આમંત્રણ

**'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા**

વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'મારું મધુરું બાળપણ'**